અપીલ અરજી નં.૩૦ તા.૧–૫–૦૯/૧૦

અરજદારઃ શ્રી ગુલાબ ઉર્ફે રાકેશકુમાર યાદવ
સામાવાળાઃ એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયત ઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલાબ ઉર્ફે રાકેશકુમાર યાદવની તા.૧૬–૩–૦૯ ની અરજીથી શેડ નં.૬૧૫ થી ૬૧૯ એસ.કે.નગર ,ડુંભાલ ની સંસ્થાની ગુમાસ્તાધારાને લગતી હકકરજાના નાણાં ,હાજરી કાર્ડ ,પગાર સ્લીપ,ઓળખપત્ર વિગેરે વિગતો અંગે મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧–૫–'૦૯ ની અપીલ અરજી નં.૩૦/૨૦૦૯–૧૦

શ્રી ગુલાબ ઉર્ફે રાકેશકુમાર યાદવની તા.૧૬–૩–૦૯ ની અરજીથી શેડ નં.૬૧૫ થી ૬૧૯ એસ.કે.નગર ,ડુંભાલ ની સંસ્થાની ગુમાસ્તાધારાને લગતી હકક રજાના નાણાં ,હાજરી કાર્ડ ,પગાર સ્લીપ,ઓળખપત્ર વિગેરે વિગતો મુદ્દા નં.૧ થી ૧૧ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૭૬ તા.૨૦–૪–૦૯થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૫–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા રેકર્ડ નિકાલની–નાશની વિગતો તેમજ અદાલતી કેસ સંદર્ભ નહીં નિભાવવા અંગે કે નિભાવવા બાબતે રેકર્ડ નિયમોની નકલની વિગતો મોકલી આપવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૧ તા.૬–૫–૦૯ થી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયત ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આજ દિન સુધી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૬–૩–૦૯ ની અરજીથી શ્રી સંજયભાઈ તથા કુટુંબી સભ્યના ખાતા નં.૬૧૫ થી ૧૯ ડુંભાલ ટેનામેન્ટની પાછળ, એસ. કે. નગર ડુંભાલ, સુરત. પાંચ ખાતાઓ આવેલ છે મુદ્દા નં.૧ તે સંસ્થાઓના નમુના 'એ' નું ફોર્મ મુદ્દા નં.૨ સદર સંસ્થાના ગુમાસ્તાધારા લાયસન્સની કોપી મુદ્દા નં.૩ હાલમાં સંસ્થા ચાલુ છે કે બંધ છે? તેની વિગત મુદ્દા નં.૪ સદર સંસ્થામાં વીમાપાત્ર સને ૨૦૦૦ થી ૨૦૦૩ સુધીની ખરી નકલ તથા કેટલા કામદારોનો વ્યવસાયવેરોની ખરી નકલમુદ્દા નં.૫ વિઝીટ બુક સને ૨૦૦૦થી ૨૦૦૩ સુધીની ખરી નકલ, મુદ્દા નં.૬ સદર સંસ્થા સામે કામદારોની સહી સાથે તા.૨૮–૭–૦૩ ના રોજ ફરીયાદ આપેલ તેના સ્થળ નિરીક્ષણની નકલ, મુદ્દા નં.૭ સદર સંસ્થા સામે કામદાર કામ કરતાં હતાં તે નિમણુંક પત્ર, હાજરીપત્રક કે પગાર પત્રક, ઓળખપત્ર, રજીસ્ટર ચેક કરેલાની વિગત તથા અમો અરજદાર કયા ખાતામાં કામ કરતાં હતાં તેના નામ સરનામાંની વિગત તથા અરજીમાં જણાવેલ પાંચે ખાતામાં કામ કરતાં કામદારોના નિમણુંક પત્ર, હાજરીકાર્ડ, પગાર સ્લીપ, ઓળખપત્ર કાર્ડ, હકરજાકાર્ડ, આપતાં હતાં કે કેમ તથા માંદગી તહેવારી રજાઓ હક રજા આપતાં હતાં કે કેમ અને તે અંગેના દસ્તાવેજોની ચકાસણી કરેલ કે કેમ તે અંગેના દસ્તાવેજોની નોંધ કરેલ તેની વિગત, મુદ્દા નં.૮ સદર માલિકે મૌખિક હુકમથી કામ કરાવેલ છે તે સંસ્થા સામે કાયદાના ભંગ બદલના કઈ કઈ કલમ હેઠળ કેસ કરેલ છે તેના કેસ નંબર સાથેની વિગત સામાવાળા સામે જે તે કલમ હેઠળ કોર્ટમાં દંડ ભર્યો હોય તે દંડ કોણે ભર્યો અને કઈ તારીખે ભર્યો તે વ્યકિતના નામ સરનામાં સહિતની વિગત, મુદ્દા નં.૯ ખાતા નં.૬૧૫ થી ૬૧૯ ના માલિકના નામ સરનામાં, મુદ્દા નં.૧૦ તા.૧–૮–૦૩ ના ઘણી જ અગત્યની નોટીસ અંગે બંને પક્ષકારોને બોલાવેલ જે અંગે કામદાર અને સામાવાળાએ કામદારની નોકરીએ પાછા લેવા અંગે લીધેલ નિવેદન તથા અન્ય જરૂરી લીધેલ નિવેદનોની ખરી નકલ, મુદ્દા નં.૧૧ સામાવાળાની સંસ્થામાં વિઝિટ સમયે કામ કરતાં કામદારોના ગુમાસ્તાધારા અન્વયે મળવાપાત્ર સાહિત્ય આપે છે કે કેમ તે અંગે કામદારોના લીધેલા નિવેદનોની નકલ વિગેરે મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી માંગવામાં આવે છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને સા.ઈ.ઝોન/મહેકમ/૧૭૬ તા.૨૦–૪–૦૯ થી અરજદારને માહિતી આપવામાં આવે છે. જેનાથી નારાજ થઈ મુદ્દા નં.૨,૪ થી ૮, ૧૦ અને ૧૧ અંગે નારાજગી વ્યકત કરી અપીલ કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને આપેલ માહિતી અનુસાર મુદ્દા નં.૨ અંગે ગુમાસ્તા લાયસન્સની કોપી માંગવામાં આવેલ છે જે સંસ્થાના માલિકાને જ મૂળ કોપી આપવામાં આવે છે જેથી નકલ આપવાનો પ્રશ્ન રહેતો નથી તેવું જણાવેલ છે. પરંતુ અરજદારે તેની જગ્યાએ લાયસન્સ નંબર તથા તેની અન્ય વિગતો રેકર્ડ આધારિત માંગણી કરેલ છે જે પૂરી પડાયેલ નથી. મુદ્દા નં.૭ અંગે સંસ્થાના કામદારોના નિમણુંક પત્રક, હાજરી પત્રક, ઓળખપત્ર રજીસ્ટર, હાજરી કાર્ડ, પગાર સ્લીપ , હકરજા, માંદગી , તહેવારની રજા અંગે ચકાસણી કરેલ છે કે કેમ? તે અંગેના દસ્તાવેજોની નોંધ કરેલ તેની વિગત માંગેલ છે તે બાબતે તેવી કોઈ માહિતી દફતરી રેકર્ડ ઉપર રાખવામાં આવતી નથી. તેવી માહિતી આપેલ છે. જેમાં અરજદારે ખોટી માહિતી હોવાનું રજૂઆત કરી અને ગુમાસ્તામાં તેના આધારે કેસો થાય છે અને સ્થળ નિરિક્ષણની નોંધ થતી હોય છે તેવી દલીલ કરેલ છે.

પાછળ

મુદ્દા નં.૪ કામદારોને કેટલો વ્યવસાય વેરો ભરે છે તે અંગે સદર સમય દરમ્યાન મહાનગરપાલિકા તરફથી વસુલ કરવામાં ન આવતો હતો તેવું જણાવેલ છે. પરંતુ તેટલા પૂરતી અરજી તબદીલ કરેલ નથી. જયારે અંશતઃ વિમાપત્ર રેકર્ડ જમાં કરાવેલ છે તેવું જણાવેલ છે. તથા મુદ્દા નં.૬ સદર સસ્થા સામે કામદારોની સહી તા.૨૮–૩–૦૯ ના રોજ ફીરયાદ આપેલ તેના સ્થળ નિરીક્ષણની નકલ, મુદ્દા નં.૮ અંગે સદર સંસ્થામાં મૌખિમ હુકમથી કામ કરાવેલ છે જે અંગે કાયદાના ભંગ બદલ કઈ કઈ કલમ હેઠળ કેસ કરેલ છે તે કેસ નંબર સાથેની વિગત તથા સામાવાળા સામે જે કલમ હેઠળ દંડ ભર્યો હોય તે દંડ કોણે ભર્યો અને કઈ તારીખે ભર્યો તે વ્યકિતના નામ અને સરનામાંની વિગત, મુદ્દા નં.૧૦ તા.૧–૮–૦૩ ની નોટીસ કામદારો અને સામાવાળાના નિવેદનોની નકલ અને મુદ્દા નં.૧૧ સંસ્થાની વિઝીટ દરમ્યાન કામદારોના ગુમાસ્તાધારા અન્વયે મળવા પાત્ર સાહિત્ય આપે છે કે કેમ તે અંગે કામદારોના લીધેલા નિવેદનો રેકર્ડમાં જમાં થઈ ગયેલ હોવાથી આપાવાનો પ્રશ્ન રહેતો નથી તેવા આપેલ જવાબ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ જમા કે નાશ અંગેની કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી.

## *હુકમ*

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૨ લાયસન્સની કોપીની જગ્યાએ લાયસન્સ નંબર તથા અન્ય રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી મુદ્દા નં.૪ જો અન્ય જાહેર સત્તા મંડળને સ્પર્શતો હોય તો તબદીલ કરવા અન્યથા ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવા તથા મુદ્દા નં.૬,૮,૧૦ અને ૧૧ અંગે ઉપલબ્ધ દફતરી માહિતી જરૂર જણાયે લાગત દફતર નિકાલ સહિતના દફતરની તપાસણી પૂરી પાડવા સહિત આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને જણાવવામાં આવે છે.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળની જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવાની જોગવાઈ ધ્યાને લેતાં મુદ્દા નં.૫ અને ૭ અંગે અરજદારની અપીલ તબકકેની તકરાર ગ્રાહય રાખવા પાત્ર ઠરતી નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલાબ ઉર્ફે રાકેશકુમાર યાદવ, દક્ષિણ ગુજરાત કામદાર એસોસીએશન, નવસારી બજાર, બંબાગેટની સામે, સુરત ...તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.